નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ અપાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૫

અંદાજપત્રની તૈયારી અને આખરી કરવા માટે નાણામંત્રીના અધ્યક્ષપદે વિભાગોના અધિકારીઓ સાથે મેરેથોન બેઠકોનો દોર શરૂ થવા પામ્યો છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અંદાજપત્ર સત્ર શરૂ થવાને આડે હવે માત્ર એક સપ્તાહનો જ અમલ બાકી રહ્યો છે. ત્યારે રાજ્યના નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી કરવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧ લી જુલાઈના રોજ શરૂ થનાર વિધાનસભા સત્રના પ્રથમ દિને જ નાણાંમંત્રી રાજ્યનું વર્ષ ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર રજુ કરવાના છે. આથી નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચન તૈયાર કરવા માટે નાણામંત્રીના અધ્યક્ષપદે વિભાગના અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ થવા પામ્યો છે.

અંદાજપત્ર પ્રવચનમાં દરેક વિભાગો દ્વારા તૈયાર કરાયેલી નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. નાણા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ અંદાજપત્ર પ્રવચનને નાણામંત્રીએ આખરી કર્યા બાદ મંત્રીમંડળની બેઠકમાં અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો રાજ્યમાં વરસાદ ખેંચાતા સરકાર ચિંતામાં છે. નબળુ ચોમાસુ થાય તેવી શક્યતાને પગલે આ વખતે રાજ્ય સરકાર વેરાઓ નાંખવાને બદલે કેટલીક શરતો જાહેર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે આ અંગે સરકાર સાથે નાણાંમંત્રીની બેઠકમાં વેરાઓ નાંખવા શરતો આપવી એ અંગે મંથન કર્યા બાદ આખરી નિર્ણય લેવાશે. જો કે સરકાર કેટલીક વસ્તુઓ પર વેરા નાંખે તેવી પુરી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે નાણામંત્રીના અધ્યક્ષપદે નાણા વિભાગના અધિકારીઓ સાથે બેઠકોનો દોર ચાલ્યો હતો. જેમાં રાજ્યની કર આવકો અને ખર્ચ અંગેના આંકડાઓની સમીક્ષા કરવામાં આવી રહી હતી અને આવક અને ખર્ચને ધ્યાનમાં રાખીને વેરાઓ નાંખવા કે રાહત આપવી એ અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

અમદાવાદમાં ચીલઝડપ કરતી ગેંગમાં ચેઈન સ્નેચર પોલીસ પુત્ર જ નિકળ્યો

શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ચેઈન સ્નેચીંગનો આતંક વધી જતાં ક્રાઈમબ્રાન્ચ આવા ગુનાઓ કરતા આરોપીઓને પકડી લેવા સક્રિય બની છે. જેમાં ક્રાઈમબ્રાન્ચે બે ગેંગને ઝડપી પાડી ચેઈન સ્નેચીંગ, મોબાઈલ ફોન અને ટુ વ્હીલર ચોરીના ગુનાના ભેદ ઉકેલી કાઢ્યા છે. ચાર શખ્સોની એક ટોળકીમાં પોલીસ પુત્ર જ આરોપી નીકળ્યો છે. બંને ટોળકી પાસેથી પોલીસે સોનાની બે ચેઈન, ૧૦ મોબાઈલ ફોન એન બે બાઈકને કબ્જે કરી લીધા છે.

ક્રાઈમબ્રાન્ચના પીઆઈ ભાવેશ રોજિયા, પીએસઆઈ એસએન દેસાઈએ સ્ટાફની મદદથી ચાર શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે ૨૨ વર્ષીય દિપક રસિકલાલ જાદવ, ૨૦ વર્ષીય રાહુલ ઉર્ફે કાળુ કનુભાઈ સાધુ, ૨૩ વર્ષીય રવિ પોપટભાઈ લુહાર તેમજ ૧૯ વર્ષીય નીલેશ ઈશ્વરભાઈ મકવાણાની પુછપરછ કરતાં તેમની પાસેથી સોનાની ચેઈન મળી આવી હતી. દિપક જાદવના પિતા સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવે છે.

ગાંધીનગર શહેરમાં કિંમતી ગાડીઓના લોગો ચોરી કરતી ગેંગનો પુનઃ પગ પેસારો થઈ ગયો છે. સે-૧૭/૨૨ વિસ્તારમાં પાર્ક કરેલી ફોર્ડ કંપનીની ઈકો સ્પોર્ટસ કારનો લોગો ચોરી કરી આ ગેંગનો સાગરીત ફરાર થઈ ગયો હતો. કાર માલિક જૈનુલભાઈ પટેલના જણાવ્યા મુજબ કારના લોગોની ચોરી કર્યા ઉપરાંત આ તત્વોએ કારના બોનેટ પર ઘસરકાં પાડીને નુકશાન પણ કર્યું છે.

મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાતે સાત અધિકારીઓ

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ભારતીય સનદી સેવાના ૨૦૧૩ની બેચનાન ૭ તાલીમી અધિકારીઓએ શુભેચ્છા મુલાકાત લીધી છે. ગુજરાતને ફાળવાયેલા આ સાત તાલીમી સનદી અધિકારીઓ હાલ, રાજ્ય સરકારની સરદાર વલ્લભભાઈ પટેલ લોકપ્રકાશન સંસ્થા (સ્પીપા)માં તાલીમ લઈ રહ્યા છે તેઓએ આજે મુખ્યમંત્રીને મળીને ગુજરાતની નવતર પ્રશાસનિક કાર્યપદ્ધતિ અંગે જાણકારી મેળવી હતી.

૨૦૧ દિપ પ્રગટાવી પતિનો જન્મદિવસ ઉજવતી હિન્દુ નારી

આજના આધુનિક યુગમાં બધા પોતાના જન્મદિવસ કેક કાપી, ચોકલેટ આપી અને પાર્ટી મનાવીને ઉજવતા હોય છે. ગીતાબેન દિનેશભાઈ લક્ષ્મણ પટેલ તેમના પતિ હાલમાં પરદેશમાં રહે છે. ત્યારે તેમનો જન્મ દિવસ ગીતાબેને ઓમકારેશ્વર મહાદેવમાં ૨૦૧ દિવડા પ્રગટાવી કુટુંબીજનો તથા પ્રગતિ મહિલા પરિવાર સંસ્થાની બહેનો ભદ્રશિલાબેન, લક્ષ્મીબેન, કપિલાબેન, સોનલબેન, પ્રેમીલાબેન સહુએ મળીને શ્રી દિનેશભાઈનો જન્મ દિવસ મનાવ્યો હતો.

મહેસાણામાં ચાર્તુમાસ પ્રવેશ નિમિત્તે સામુહિક આયંબિલ તપનું આયોજન કરાયું

મહેસાણા, તા. ૨૫

હવે ટુંક સમયમાં જ જૈન ધર્મમાં જે ગાળામાં તપનું ખૂબ મહત્વ છે તે ચાર્તુમાસ શરૂ થવા જઈ રહ્યું છે. આ ચાર્તુમાસ દરમ્યાન તમામ જૈન શ્રાવકો વિરાધનાથી દૂર થઈ આરાધનામાં મશગુલ બનશે અને તેમના ભવ ભ્રમણને નષ્ટ કરી મોક્ષ તરફ મુક્તિ માર્ગે મુસાફરી કરવા તૈયારીઓ હાથ ધરશે. આ પ્રસંગે મહેસાણામાં અનેક જૈનાચાર્યો ચાર્તુમાસ કરવા પધારવાના છે. જેથી તા. ૬ઠ્ઠી જુલાઈ રવિવારે સવારે ૯ વાગે તેમના ચાર્તુમાસ પ્રવેશ નિમિત્તે સામૂહિક આયંબિલ તપ યોજવામાં આવ્યું છે. આ ઉપરાંત આ પ્રસંગે મહા મંગલકારી લઘુશાન્તિ સ્નાત્ર અને સ્વામી વાત્સલ્ય યોજાશે.

આ સામુહિક આયંબિલ તપના કાર્યક્રમની શરૂઆત મહેસાણાના હીંગરાજનગર રોડ પર આવેલ દેવનગર સોસાયટીમાં સવારે ૭ વાગે નવકારથી તેમજ ૯ વાગે સામૈયાથી થશે. જ્યારે બપોરના બરાબર ૧૨.૩૯ કલાકે વિશ્વ કલ્યાણની શાંતિ અર્થે લઘુશાન્તિ સ્નાત્ર યોજાશે. આ પ્રસંગે મુંબઈથી પ્રસિદ્ધ જૈન સંગીતકાર રાકેશકુમાર એન્ડ પાર્ટી દ્વારા સંગીત પીરસવામાં આવશે. આ પહેલા ૧૧.૩૦ વાગે આઝાદ ચોક પાસે આવેલ વી.કે. હોલ ખાતે સ્વામીવાત્સલ્યનો ગુરુભક્તો લાભ ઉઠાવશે. આ સમગ્ર આયોજનમાં જૈન સમાજના અનેક દાતાઓ અને ધર્મભક્તો વિવિધ પ્રસંગોનો દાનપૂણ્ય દ્વારા લાભ લેનાર છે. ચાર્તુમાસ તપ મુખ્ય પૂ. પંન્યાસ પ્રસન્નકીર્તિસાગર મ.સા. અને તેમના શિષ્ય પૂ. ભવ્ય કિર્તિસાગર મ.સા. સાથે અનેક જૈનાચાર્યો અને સાધ્વીજીઓ સામૂહિક રીતે કરશે. આ પ્રસંગે એક ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેની વ્યવસ્થા મહેસાણાનું નવપદ આરાધક મંડળ સંભાળનાર છે. આ મહાપ્રસંગે મોટી સંખ્યામાં જૈન શ્રાવકો ઉમટી પડશે.

ચિંતાના વાદળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ હતી. કાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પણ પડ્યો હતો. ત્યારબાદ આજ સુધી અરબી સમુદ્ર તરફ ચોમાસુ આગળ વધ્યું નહિ. ૧૫ જૂનના બંગાળની ખાડી બાજુના અમુક વિસ્તારોમાં ચોમાસુ હજુ પહોંચેલ નહીં અને ભારતના મોટાભાગના વિસ્તારો ચોમાસાથી વંચીત હતા. ત્યારબાદ ગઈકાલ સુધીમાં આઠ દિવસ દરમ્યાન કર્ણાટક, આંધ્રના બાકી રહેલા ભાગો ઓરીસ્સા, છતિસગઢ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહારમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસુ બેસી ગયું. તેવી જ રીતે પૂર્વ ઉત્તરપ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ અને વિદર્ભમાં પણ ચોમાસુ બેસી ગયું.

જ્યારે મધ્ય મહારાષ્ટ્રના અમુક ભાગ અને પશ્ચિમ એમ.પી. અને નોર્થ એમ.પી. તથા પશ્ચિમ યુ.પી.માં ચોમાસુ હજુ બેઠુ નથી.

સામાન્ય રીતે સૌરાષ્ટ્ર-ગુજરાતને વરસાદ માટે ત્રણ-ચાર જે મુખ્ય પરીબળો છે તે પૈકીનો એક દક્ષિણ ગુજરાતથી કેરળ સુધીનો મોનસુનટ્રફ હોલ ગેરહાજર છે. બંગાળની ખાડીનો સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતને ત્યારે મળે જ્યારે મહારાષ્ટ્ર-એમ.પી.માં ચોમાસુ બેસી પછી આશા રાખી શકાય.

બીજુ પરીબળ એ છે કે ચોમાસુધરી કે જ્યારે દેશમાં ચોમાસુ બેસી જાય પછી સામાન્ય રીતે બાડમેર આસપાસના વિસ્તારોમાં એક લો-પ્રેસર પસાર થતું હોય છે. ચોમાસુધરી રાજસ્થાન થઈ એમ.પી. છતિસગઢ, ઓરીસ્સા અને બંગાળની ખાડી સુધી લંબાતી હોય છે. હાલમાં ચોમાસુધરીની અવેજીમાં મોનસુનટ્રફ છે જે હિમાલયની તળેટીમાં છે. જેથી ચોમાસુ દેશમાં નિષ્ક્રીય છે. હાલમાં તે પશ્ચિમ યુ.પી. થઈ અને બિહાર, પશ્ચિમ બંગાળ, બાંગ્લાજદેશ અને મિઝોરમ સુધી લંબાય છે.

અરબી સમુદ્રની કોઈપણ સિસ્ટમ્સ હોય તેનો સૌરાષ્ટ્ર-ગુજરાતને લાભ મળતો હોય છે. તે હાલમાં નથી. ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ક્યારેક અપરએર સાયક્લોનીક સરક્યુલેશન છવાતું હોય છે તેનો લાભ મળતો હોય છે તે પણ હાલમાં કંઈ જ નથી.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જૂન માસમાં વાવણીલાયક વરસાદની શક્યતા બિલકુલ નથી. દરમિયાન હાલ પવનનું પ્રમાણ વધુ જોવા મળે છે. જે આગામી તા. ૨૬ ગુરૂવાર સુધી રહેશે. ત્યારબાદ તા. ૨૭ થી ૨૯ (શુક્રથી રવિ) પવનની ગતિ ઘટશે. આમ છતાં નિયમિત રીતે ફૂંકાતા હોય તેના કરતાં વધુ રહેશે. દક્ષિણ-પશ્ચિમના પવન દરિયામાંથી ભેજ ખેંચી લાવતો હોય છે. પણ ભેજને વરસાવવાના પરીબળો જે હોવા જોઈએ તે હાલમાં નથી. વાતાવરણમાં અસ્થિરતા જે હોય તેના કરતાં વધુ જોવા મળે છે.

ગેંગને ઝડપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભી રખાવીને ચેકિંગ કર્યું તો અંદરથી છરા, પક્કડ, આરી, કરવતી, સહિતના ઘરફોડ તથા લુંટ જેવા ગુનાને અંજામ આપવા માટે વપરાય તેવા સંખ્યાબંધ હથિયારો મળી આવ્યા હતા. પાંચેય માણસોની તલાશી લેતા બે શખ્સોની પાસેથી ચપ્પા પણ મળી આવ્યા હતા. સે-૭ પોલીસની ટીમે તે પાંચેયને ઉઠાવીને ડી પૂછતાછ કરતા બહાર આવ્યું કે તે પાંચેય નડિયાદથી જ ગાંધીનગરના સે-૧ અથવા સે-૮ માં કોઈ પણ અશક્ત સીનીયર સિટીઝનને ત્યાં ધાડ પડવાના પ્લાનીગ સાથે ગાંધીનગર આવ્યા હતા. ધાડના ગુનાને અંજામ આપે તે પહેલા જ ટોળકીને સે-૭ પોલીસે ઝબ્બે કરી લઈ મોટી સફળતા મેળવી છે. ખેડા જીલ્લાના કપડવંજ કઠલાલ વિસ્તારના રાજેન્દ્ર કરતારસિંગ રાજપૂત, તથા નડિયાદના અલગ અલગ વિસ્તારના અન્ય ચાર શખ્સો ચંદુ નારણ તળપદા, મોતી સોમા તળપદા, વિનુ પુંજા તળપદા અને વાસીદ મોના તળપદા મળીને પાંચેય શખ્સોની હથિયારો સાથે ધરપકડ કરી લઈ પૂછતાછ કરતા બહાર આવ્યું છે કે આ ગેન્ગના બે સાગરીતો વિનુ અને વાસીદ બંને માતર પોલીસ સ્ટેશનની હદ માં થયેલી ધાડના ગુનામાં વોન્ટેડ છે. ગાંધીનગર પણ આ જ ઈરાદે આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં નડિયાદ અને આણંદની કેટલીક ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

દર્દીઓને હાલાકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફલોર પર કેસ કઢાવવાની બારી પરથી કેસ કાઢવાનું ચાલુ કરી દેવાય છે જ્યારે કેટલાક વિભાગમાં ડોકટરનો આવવાનો સમય જ ૧૦ વાગ્યાનો હોય છે. આથી લાંબી લચક લાઈન લાગી જાય છે. આવા સમયે જે દર્દીને માત્ર દાંત, આંખ, નાક-કાન-ગળાની સામાન્ય તપાસ કરાવવી હોય જે માત્ર દસ મિનિટનું જ કામ હોય છતાં બે કલાકનું વેઈટીંગ આવી જાય છે. આટલું પૂરતું હોય તો ઠીક પણ દર્દી જયારે વિભાગમાં જઈને કલાક રાહ જોવે પછી તેને ખબર પડે છે કે ભલે સમય ૧૦નો હોય ડોકટર તો ૧૧ વાગ્યા પછી જ આવે છે ત્યારે માત્ર બતાવીને નોકરીએ જતો રહીશ અથવા દુકાને જતો રહીશ તેવું વિચારીને આવેલ દર્દી સામાન્ય સારવારમાં પણ અડધા દિવસ સુધી ફસાઈ જાય છે. જો ડોકટર તેમને ફાળવેલા સમયે આવે તો પણ ઘણા દર્દીઓ મોટી હેરાનગતિમાંથી બચી જાય છે કારણ કે ઘનિષ્ઠ સારવારમાટે આવેલા દર્દીઓ પણ લાઈનમાં બેસીને ડોકટરની રાહ જોવામાં અને ડોકટર આવ્યા પછી પોતાનો નંબર આવે તેમાં જ થાકી જાય છે. કેટલાક વિભાગમાં તો ડોકટર સાહેબનો સમય ૧૦થી ૧૨નો જ હોય છે અને ડોકટર સાહેબ હોસ્પિટલમાં પધારે ૧૧.૩૦ વાગે ત્યાં સુધીમાં ઘણા દર્દીઓ કંટાળીને કેસ કઢાવ્યો હોવા છતાં બતાવવાનું પડતું મુકીને પાછા જતા રહે છે અને બહારથી આવેલા દર્દીઓને બપોરે નાસ્તા કે જમવા વગેરેનો વધારાના ખર્ચનો બોજો પણ સહન કરવાનો આવે છે. વળી સારવાર માટે સમય બગડે તે યોગ્ય છે પરંતુ આ તો માત્ર ડોકટરની રાહ જોવામાં જ દિવસ આખો બગડે છે.

માત્ર ડોકટર્સ જ નહીં પરંતુ આ સિવિલ હોસ્પિટલમાં અન્ય સ્ટાફ પણ ફરજમાં લાલીયાવાડી કરતો જણાઈ આવે છે. બપોરના સમયે જયારે સમગ્ર ઓપીડી વિભાગમાં કોઈ જ હાજર હોતું નથી ત્યારે પણ આખા વિભાગના તમામ પંખા ફુલ સ્પીડે ફરતા હોય છે અને જરૂર ના હોય તો પણ બધી જ ટયુબલાઈટો 'ઓન' જ હોય છે આમ પ્રજાના પૈસે વિજળીનો બેફામ દુરૂપયોગ થાય છે છતાં એ જ પ્રજાને યોગ્ય સવલત પણ મળતી નથી.

તંત્ર સજ્જ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિટીમાં કરવામાં આવ્યો છે. આ પેટાસમિતિ અનાવૃષ્ટિ વિસ્તારોમાં અછત-પાણી, ઘાસચારો, રોજગાર, કૃષિ સિંચાઈ ઉર્જા વગેરે અછત સંચાલન જેવી બાબતો પર નિતિવિષયક નિર્ણયો લેશે. રાહત નિયામક એ આવી પેટાસમિતિની બેઠક બોલાવવાની જવાબદારી નિભાવવાની રહેશે. સાથોસાથ બેઠક માટે એજન્ડાથી લઈને કાર્યવાહી નોંધ, સંબંધિત વિભાગના પરિપત્રો તથા સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની અમલવારી કરવાની રહેશે.

રાજ્ય સરાકરના મહેસુલ વિભાગ દ્વારા, આ અંગેનો વિધીવત પરિપત્ર જારી કરી દીધો છે. વરસાદની ખેંચાતી પરિસ્થિતિ અને દુષ્કાળના વાગી રહેલા ડાકલા સામે અશરકારક વ્યવસ્થા તંત્ર ગોઠવવાની તૈયારી મુખ્યમંત્રી કક્ષાએથી શરૂ થઈ છે. વેધરવોચ ગ્રુપની બેઠક દર મંગળવારે મળતી બેઠકમાં આગામી દિવસોની કપરી પરિસ્થિતિના સંકેતો આપી દેવામાં આવ્યા છે. જેના આધારે તંત્રને દોડાવવાની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે.

મેદાન માર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ ખાતે રહેતા નિશાંત કે. પ્રિયદર્શીએ સમગ્ર ભારતમાં એસ.સી. કેટેગરીમાં ૭૧ મો રેંક, સે. ૫-એ માં રહેતા ઝુગલ ધર્મેશભાઈ મકવાણાએ સમગ્ર ભારતમાં એસ.સી. કેટેગરીમાં ૧૯૪ મો રેંક જ્યારે સે. ૪-સી માં રહેતા સાહિલ સતિષકુમાર પરમારે પણ સમગ્ર ભારતમાં એ.સી. કેટેગરીમાં ૮૭મો રેંક અને સે. ૧૨ ખાતે રહેતા અભિષેક ઉદેસિંહ ગોહીલે ઓ.બી.સી.માં સમગ્ર ભારતમાં ૧૨૧૨ મો રેંક તેમજ હાર્દિક ચૌહાણે ૧૭૧૦મો રેંક હાંસલ કર્યો છે. જે તમામ રેંકર્સ દેશની પ્રથમ હરોળની ગણાતા આઈ.આી.ટી. દિલ્હીમાં પ્રવેશ ઈચ્છી રહ્યા છે. ઉપરાંત ગત વર્ષ દરમિયાન પણ સે. ૩ ખાતે રહેતા હર્ષ પ્રિયદર્શી અને હર્ષીત કિર્તીભાઈ પટેલે ઉચ્ચ રેંક હાંસલ કર્યો હતો. પરિણામે હર્ષે પ્રસિદ્ધ અલ્હાબાદ આઈ.આી.ટી.માં અને હર્ષીતે ગાંધીનગરની જ ધીરુભાઈ અંબાણી ઈસ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT)માં પ્રવેશ મેળવી ત્રીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરી રહ્યા છે. અને ચાલુ વર્ષે હર્ષીતને ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીના હસ્તે શિષ્યવૃતિ મેળવી રહ્યો છે. ગાંધીનગરના વિદ્યાર્થીઓએ આ ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આજે વિશ્વના અઘરામાં અઘરા ગણાતા તમામ ક્ષેત્રે ગુજરાતી લોકોએ અગાથ મહેનતના દમ પર કાઢુ કાઢ્યું છે.

શબ્દાવલી - ૫૪૩૦



આડી ચાવી

૧. દીકરીનો દીકરો (૩)
૩. અર્થ, ભાવાર્થ (૪)
૬. દશરથ રાજાનો મોટો પુત્ર (૨)
૭. પગલાંનો અવાજ (૪)
૮. સિંહ, જંગલનો રાજા (૪)
૯. વરસાદ (૨)
૧૩. ખિતાબ, એવોર્ડ (૪)
૧૪. રૂપુ, ચાંદી (૩)
૧૫. તરતનું, તાજુ (૨)
૧૬. રોકડા, ઉધાર નહિં તેવા(૩)
૧૮. મનાઇ, બંધી, પ્રતિબંધ(૨)
૧૯. હેતુ, આશય (૪)

ઊભી ચાવી

૧. સીવણ-ભરતકામ વગેરેમાં વપરાતાં સૂતર (૨)
૨. ખુબ ઠંડી પડવી, બરફનો વરસાદ (૪)
૩. ભેજુ, ખોપડીની અંદર રહેલ નરમ અવયવ (૩)
૪. મલાઇ, લીન (૨)
૫. મીઠું, સબરસ (૩)
૭. ફુલની રજ (૫)
૯. દેવ-દેવીએ આશાપુરી કરવા આપેલ વચન (૪)
૧૦. સ્થિર, નિશ્ચલ (૨)
૧૧. ખુબ ભાવના ભર્યા આદર સત્કાર (૪)
૧૨. આસોથી કાર્તિક માસ સુધીની ઋતુ (૨)
૧૩. પાતળો, લાડમાં પતિને કહેવાય તે (૪)
૧૫. નમસ્કાર (૩)
૧૭. વેગ, ઝડપ (૨)

શબ્દાવલી ૫૪૨૯ના જવાબ

આડી ચાવી :- (૧) તાજપોશી (૪) નુપુર (૫) બાપદુ (૭) ગીઝર (૮) ગળથુથી (૧૦) થોડું (૧૧) છપરપગી (૧૩) ગડ (૧૪) લત (૧૫) શેરથા (૧૬) કાજ (૧૭) કાજગ (૧૮) કતરાવું

ઊભી ચાવી :- (૧) તાજગી (૨) પોબાર (૩) શીપ (૬) ડુગડુગી (૯) થીગડ થાગડ (૧૦) પોપસંગીત (૧૧) છલકાતું (૧૨) પતજ (૧૩) ગરજ (૧૫) શેકાવું

ટૂંકી જાહેર નિવિદા

આઈ.સી.ડી.એસ. સોસાયટી, ગાંધીનગર અંતર્ગત વિકલાંગ બાળકો માટે સાધન સહાય અર્થે સાધનોની ખરીદી માટે અનુભવી અને સક્ષમ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૭-દિવસમાં આઈ.સી.ડી.એસ. સોસાયટી, આઈસીડીએસ સેલ, જિ. પં. ગાંધીનગર, સેક્ટર-૧૭ ખાતેથી રૂ. ૫૦૦/-નો નોન-રિફન્ડેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરના નામનો રજૂ કરેથી કોરું ટેન્ડર આપવામાં આવશે. તે સિવાય અન્ય રીતે ટેન્ડર ફી સ્વીકારવામાં આવશે નહીં. કવર પર વિકલાંગ બાળકો માટે સાધન સહાયના ભાવપત્રક એમ લખવાનું રહેશે. માન્ય એજન્સીઓએ પોતાના લેટરપેડ સહ તેમનો પાન નંબર અને સરકારની માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રની નકલ સહ કોરા ટેન્ડર માટે ડીમાન્ડ આપવાની રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ માત્ર રજી.પો.એ.ડી.થી જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ સુધી સ્વીકારવામાં આવશે. વિલંબિત ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં. આ ટેન્ડર અંગેના તમામ અધિકારીઓ નીચે સહી કરનારના રહેશે.

સહી/-
પ્રોગ્રામ ઓફીસર
આઈ.સી.ડી.એસ. સેલ
જિ. પં. ગાંધીનગર

સહી/-
જિલ્લા વિકાસ અધિકારી
ગાંધીનગર

માહિતી/૫૧૪/૧૪-૧૫

Save Energy for Benefit of Self and Nation

UGVCL

Uttar Gujarat Vij Company Ltd.

CIN - U40102GJ2003SGC042906

ડાર્ક ઝોન વિસ્તારમાં તા. ૧૭/૯/૨૦૧૨થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી 'ડ' વિભાગમાં નોંધાયેલ કૃષિ વિષયક જોડાણની અરજીઓનો અગ્રતાક્રમ નક્કી કરવા બાબતે.

રાજ્યના અગાઉના ડાર્કઝોન વિસ્તારમાં નવીન કૃષિ વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ તા. ૧૭/૯/૨૦૧૨ થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી જે તે વિસ્તારની વીજ કંપનીની સંલગ્ન પેટા વિભાગીય કચેરીઓ ખાતો નોંધણી કરવામાં આવેલ હતી. સદર વીજ જોડાણની અરજી સાથે ફરજિયાતપણે ટપક ફુવારા પદ્ધતિનો અમલ કરવા માટેનું સંમતિપત્રક પણ લેવામાં આવેલ છે.

નોંધાયેલ અરજીઓ પૈકી જે અરજદારે ઉપરોક્ત સમય ગાળામાં અરજીની નોંધણી કરાવેલ હોય તેમજ માંગણીવાળા સર્વે નંબરમાં બોર/કૂવો હયાત ન હોય તો ('ડ') વિભાના અરજદારોનો અગ્રતાક્રમ નક્કી કરવા માટે સક્ષમ અધિકારી તેમજ લોક પ્રતિનિધિની હાજરીમાં નીચે દર્શાવેલ સમય અને તારીખે ડ્રો યોજવામાં આવશે. 'ડ' વિભાગના નોંધાયેલ અરજદારો ડ્રોની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકશે તેમજ સંલગ્ન પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર દર્શાવેલ લીસ્ટમાં પોતાનો નંબર મેળવી શકશે. આ અંગે વધુ વિગતની જાણકારી માટે સંલગ્ન પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. અરજદાર પોતાનો ક્રમ નંબરુ.ે્રુદ્રષ્ઠ્ઠ.ર્ષ્ઠ્ઠ વેબ સાઈટ ઉપરથી જાણ શકાશે.

અનુ	ડ્રોની તારીખ	વાર	સમય	પેટા વિભાગીય કચેરી	ડ્રોનું સ્થળ
૧	૨/૭/૨૦૧૪	બુધવાર	સવારે ૧૦-૦૦ કલાકે	નારદીપુર	નારદીપુર પેટા વિભાગીય કચેરી
			બપોરે ૨-૦૦ કલાકે	કલોલ-૧/કલોલ-૨ છત્રાલ, સાંતેજ	કલોલ વિભાગીય કચેરી
૨	૩/૭/૨૦૧૪	ગુરૂવાર	સવારે ૧૦-૦૦ કલાકે	સાણંદ-૧, ચાંગોદર બોપલ, શેલા	બોપલ વિભાગીય કચેરી
			સવારે ૧૦-૦૦ કલાકે	અડાલજ, ચાંદખેડા	અડાલજ પેટા વિભાગીય કચેરી
			બપોરે ૨-૦૦ કલાકે	ગાંધીનગર	ગાંધીનગર પેટા વિભાગીય કચેરી
			સાંજે ૪-૦૦ કલાકે	દહેગામ સીટી	દહેગામ સીટી પેટા વિભાગીય કચેરી
૩.	૪/૭/૨૦૧૪	શુક્રવાર	સવારે ૧૦-૦૦ કલાકે	બારેજા	બારેજા પેટા વિભાગીય કચેરી
			સવારે ૧૧-૩૦ કલાકે	બારેજડી	બારેજડી પેટા વિભાગીય કચેરી
			સાંજે ૪-૦૦ કલાકે	કૂજાડ	કૂજાડ પેટા વિભાગીય કચેરી
૪.	૭/૭/૨૦૧૪	મંગળવાર	સવારે ૧૦-૦૦ કલાકે	ચીલોડા-૧	ચિલોડા-૧ પેટા વિભાગીય કચેરી
			સવારે ૨-૦૦ કલાકે	ચીલોડા-૨	ચીલોડા-૨ પેટા વિભાગીય કચેરી
૫.	૯/૭/૨૦૧૪	ગુરૂવાર	સવારે ૧૦-૦૦ કલાકે	દહેામ ગ્રામ્ય	દહેગામ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી
૬.	૧૦/૭/૨૦૧૪	શુક્રવાર	સવારે ૧૦.૦૦ કલાકે	રખીયાલ	રખિયાલ પેટા વિભાગીય કચેરી

ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સમયે ડ્રો પૂર્ણ થઈ ગયા બાદ 'ડ' વિભાગના અરજદારોએ સંલગ્ન પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી નવીન નંબર મેળવી લેવા વિનંતી છે.

(બી. પી. બુચ)
અધિક્ષક ઈજનેર
સાબરમતી

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફીસ - વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧ (નોર્થ ગુજરાત)
ટેલીફોન નંબર : (૦૨૭૬૨) ૨૨૨૦૮૦-૮૧ ફેક્સ : (૦૨૭૬૨) ૨૨૩૫૭૪
વેબસાઈટ : ડબલ્યુડબલ્યુડબલ્યુ.યુજીવીસીએલ.કોમ ઈ-મેઈલ : કોર્પોરેટ@યુજીવીસીએલ.કોમ